INDIAN NATIONAL CONGRESS

# ગુજરાત પ્રદેશ કોંગ્રેસ સમિતિ

''રાજીવ ગાંધી ભવન'', એલિસબ્રિજ, અમદાવાદ-૩૮૦ ૦૦૬.
ફોન : (૦૭૯) ૨૬૫૭૮૨૧૨, ૨૬૫૭૮૨૧૩ ફેક્સ : (૦૭૯) ૨૬૫૭૮૫૮૯
website : www.incgujarat.com • E-mail : gpcc1234@gmail.com

**અખબારી યાદી** **તા. ૦૩-૦૧-૨૦૨૪**

વિકાસની આંધળી દોટમાં વધતી જતી અસમાનતા વચ્ચે છેલ્લા એક વર્ષમાં ગુજરાતમાં ૧૩ થી વધુ પરિવારોએ સામુહિક આત્મહત્યા કરી જીવન ટુંકાવ્યું છે ત્યારે આત્મહત્યાની ઘટનાઓ રોકવા માટે ભાજપ સરકાર સદંતર નિષ્ફળતા અને અસંવેદનશીલતા અંગે આકરા પ્રહાર કરતા ગુજરાત પ્રદેશ કોંગ્રેસ મીડીયા કન્વીનર અને પ્રવક્તા ડૉ. મનિષ દોશીએ જણાવ્યું હતું કે, છેલ્લા એક વર્ષમાં ગુજરાતમાં ૧૩ થી વધુ પરિવારોએ સામૂહિક આત્મહત્યા કરી જીવન ટુકાવ્યું છે. આર્થિક સંકડામણ, વધતી જતી અસમાનતા, સામાજિક અસુરક્ષા, ડર, વ્યાજના ચક્કરમાં દેવાદારી, ભય, દેવાદારીના બોજ નીચે ભીંસમાં આવેલા પરિવારોએ ના છૂટકે સામૂહિક રીતે જીવન ટુંકાવવા બન્યા મજબુર બની રહ્યાં છે. ગતિશીલ - પ્રગતિશીલ ગુજરાત માટે ચિંતાનો વિષય છે. દેશમાં વર્ષ ૨૦૨૨ માં ૧,૭૦,૦૦૦ નાગરિકોએ આપઘાત કરીને જીવન ટુંકાવ્યું છે જે પૈકી ત્રીજાભાગના એટલે કે ૫૫,૦૦૦ જેટલા આપઘાત કરનારાઓમાં રોજમદાર, ખેતમજદુરો, ખેડૂતોનો સમાવેશ થાય છે.

રોજનું કમાઈ રોજનો ખર્ચ - ફેરીયા - લારી - પાથરણાવાળા - રોજમદારની આત્મહત્યાના કિસ્સામાં ૫૦.૪૪ ટકાનો વધારો થયો છે. છેલ્લા છ વર્ષમાં ૧૬૮૬૨ રોજમદારો એ આર્થિક સંકડામણ, સામાજિક અસુરક્ષા, આવક ઘટતી જાય અને ખર્ચ વધતો જાય સહિતના કારણોથી આત્મહત્યા કરી જીવન ટુકાવ્યું છે. અસંગઠીત ક્ષેત્રના શ્રમિકોની સ્થિતિ ઘણી નાજુક છે. ગુજરાતમાં છેલ્લા પાંચ વર્ષમાં ૩૭૪૦ વિદ્યાર્થીઓએ આત્મહત્યા કરી જીવન ટુંકાવ્યું છે. દેશમાં છેલ્લા છ વર્ષમાં ૬૮૦૧૩ થી વધુ વિદ્યાર્થીઓએ અભ્યાસનો ડર, આર્થિક અસમાનતા, જાતિ ભેદ, પરીક્ષામાં નિષ્ફળતા સહિત કારણોથી જીવન ટુંકાવ્યું છે. એટલે કે દરરોજ ૩૫ થી વધુ વિદ્યાર્થીઓ જીવન ટુંકાવે છે એટલે કે દર એક-બે કલાકમાં બે વિદ્યાર્થીઓ આત્મહત્યા કરી રહ્યા છે.

ગુજરાતમાં આત્મહત્યા ના સતત વધી રહેલા બનાવો ચિંતાજનક છે. વધતી જતી આર્થિક સંકડામણ, દેવાનો ભાર, સામાજિક અસુરક્ષાના દબાણ હેઠળ જીવન ટુંકાવવા મજબૂર બનતા ગુજરાતના નાગરિકોના જીવ બચાવવા માટે ભાજપ સરકાર સંવેદનશીલતા દાખવીને સામાજીક, આર્થિક ક્ષેત્રના નિષ્ણાંતો, માનસશાસ્ત્રીઓ અને શૈક્ષણિક સંસ્થાઓના સહયોગથી સક્રિય કામગીરી કરશે તો જ માનવ જીંદગીને આત્મહત્યા કરતા અટકાવી શકાશે.

| ક્રમ | તારીખ | | કુલ આંક | |
|---|---|---|---|---|
| 1. | 01-01-2023 | માતા અને 2 પુત્રી | 3 | મોરબી-વાંકાનેર |
| 2. | 09-01-2023 | પતિ-પત્નિ-બાળક | 3 | વડોદરા-વાઘોડીયા |
| 3. | 10-03-2023 | માતા-પિતા-દિકરી | 3 | સુરેન્દ્રનગર-દુધરેજ |
| 4. | 08-06-2023 | માતા-દિકરી | 2 | સુરત-સરથાણા |
| 5. | 02-08-2023 | માતા-પુત્ર-પતિ | 3 | વડોદરા-કાછિયાપોળ |
| 6. | 06-08-2023 | પુત્ર-પિતા | 2 | ડીસા |
| 7. | 11-08-2023 | માતા-પિતા-સંતાન | 3 | જુનાગઢ-વંથલી |
| 8. | 18-08-2023 | ભાઈ-બહેન | 2 | ભાવનગર |
| 9. | 03-09-2023 | માતા + બે બાળકો પુત્ર+પુત્રી | 3 | સુરત-રાંદેર |
| 10. | 06-09-2023 | પિતા+પુત્ર | 2 | ધોળકા-અમદાવાદ |
| 11. | 20-10-2023 | પતિ + પત્નિ + પિતા + માતા + 3 સંતાન | 7 | સુરત |
| 12. | 05-11-2023 | પુત્રવધુ + સાસુ + બે બાળકો | 4 | બનાસકાંઠા |
| 13. | 01-01-2024 | પિતા અને ત્રણ સંતાન | 4 | બોટાદ-નિંગાળા |

ડૉ. મનિષ એમ. દોશી
મીડીયા કન્વીનર અને પ્રવક્તા